પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૪ | ૧૩ જુલાઈ, ૨૦૧૮, શુક્રવાર; નિજ. જેઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિશ્વમાં ભારત સૈન્ય શક્તિમાં ચોથા સ્થાને

**ગ્લોબલ ફાયર પાવરે ૨૦૧૮ના ઈન્ડેક્સ માટે ૧૩૬ દેશોની સૈન્ય તાકાતનું આંકલન કર્યુ : પાકિસ્તાન ૧૭ ક્રમે ધકેલાયુ : ભારતનો પડોશી દેશ ચીન ત્રીજા સ્થાને : ભારત પાસે લડાકુ વિમાનની સંખ્યા ૨૦૦૦ : સક્રિય સૈનિકની સંખ્યા ૧૩ લાખથી વધુ : ૨૮ લાખ રિઝર્વ જવાન**



ન્યુ દિલ્હી,તા.૧૨

ભારત દરેક ક્ષેત્રમાં પોતાનું નામ રોશન કરી રહ્યું છે. આર્થિક વૃદ્ધિની સાથે-સાથે ભારતની સૈન્ય શક્તિ વધારવા માટેના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. હવે તેનું પરિણામ પણ સામે આવી રહ્યું છે. દુનિયાભરના દેશો અને તેમની શક્તિઓનું આંકલન કરનારી સંસ્થા ગ્લોબલ ફાયર પાવર (જીએફપી) અનુસાર, ભારત સૈન્ય તાકાતનાં મામલામાં દુનિયાના ચોથા નંબરના સ્થાને છે. પાકિસ્તાન તરફથી ભારતને ભલે પરમાણું બોમ્બની ધમકીઓ આપવામાં આવતી હોય, પરંતુ જમીની હકીકતની વાત કરીએ તો સૈન્ય શક્તિના મામલામાં પાકિસ્તાન ભારતથી ખુબ પાછળ છે. આ લિસ્ટમાં પાકિસ્તાન શીર્ષ ૧૦ દેશોમાં પણ સામેલ નથી.

ગ્લોબલ ફાયર પાવરે ૨૦૧૮ના ઈન્ડેક્સ માટે ૧૩૬ દેશોની સૈન્ય તાકાતનું આકલન કર્યુ. જેમાં દેશોની ભૌગોલિક સ્થિતિ, સાધન-સરંજામને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવાની ક્ષમતા, પ્રાકૃતિક સંસાધન અને ઔદ્યોગિક સમર્થનના આધારે દેશોનું રેકિંગ કરવામાં આવ્યું છે. તમને જણઆવી દઈએ કે, ફાયર પાવરે સૈન્ય તાકાત પર વિશ્લેષણમાં પરમાણુ હથિયારોને

● અનુસંધાન પાન-૭ પર

## અમિત શાહ અને નીતિશકુમાર વચ્ચે બ્રેકફાસ્ટ પર બેઠક થઈ

**રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે બેઠક યોજાઈ : બેઠકોની વહેંચણીને લઇને ચાલી રહેલા વિવાદનો આખરે અંત આવ્યો : તમામ મતભેદો ઉપર વિસ્તૃત ચર્ચા કરાઈ**



પટણા,તા. ૧૨

લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે રાજકીય વ્યૂહરચના ઘડવામાં તમામ રાજકીય પક્ષો વ્યસ્ત બની ગયા છે. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ પોતપોતાની રણનીતિ ઘડવામાં સજ્જ દેખાઈ રહ્યા છે. આજે સવારે બિહારમાં જારી રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે ભાજપ પ્રમુખ અમિત શાહે જેડીયુના અધ્યક્ષ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર સાથે વાતચીત કરી હતી. આજે સવારે નાસ્તા ઉપર આ બંને વચ્ચે મિટિંગ યોજાઈ હતી. ૪૫ મિનિટ સુધી આ બેઠક ચાલી હતી જે દરમિયાન બંને નેતાઓ વચ્ચે બિહારમાં લોકસભાની ચૂંટણી પહેલા સીટોની વહેંચણીને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બંને નેતાઓ વચ્ચે ગઠબંધનના મુદ્દા ઉપર રચનાત્મક વાતચીત થઈ હતી. બેઠકોની વહેંચણીને લઈને જે વિવાદો હતા તે વિવાદો પણ દૂર કરી લેવામાં આવ્યા છે. આજે રાત્રે પણ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં બંને પાર્ટીઓના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# થરૂરના નિવેદન પર રાજકીય હોબાળો



નવીદિલ્હી, તા. ૧૨

હિન્દુ પાકિસ્તાન નિવેદનને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થરુર ઉપર આકરા પ્રહારો કર્યા છે. એકબાજુ ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, ઉપર પ્રહારો કર્યા છે. ભાજપે શશી થરુરના નિવેદનનો વોટબેંક પોલિટિક્સ સાથે જોડીને કોંગ્રેસ અને

**રાહુલ ગાંધીના ઇશારાથી હિન્દુ લોકોનું અપમાન કરવામાં આવી રહ્યું છે : ભાજપના પ્રવક્તા સંદીપ પાત્રાનો આક્ષેપ**

જોરદાર સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે ભાજપે હવે કોંગ્રેસના સાંસદ શશી શશી થરુર માનસિક સમતુલા ગુમાવી ચુક્યા છે. બીજી બાજુ ભાજપના પ્રવક્તાએ પણ કોંગ્રેસ અન્ય પાર્ટીઓના સેક્યુલરિઝમને બોગસ તરીકે ગણાવીને ઝાટકણી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**નીતિશકુમાર અમારી સાથે જ રહેશે : અમિત શાહ**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે બિહારની મુલાકાત સમયે નીતિશકુમાર સહિત વિવિધ નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને જણાવ્યુ હતુ કે આગામી ચૂંટણી તેઓ નીતિશકુમાર સાથે જ લડશે. સીટો બાબતે બિહારમાં કોઈ વિવાદ નથી.

**ટ્રમ્પ પહોંચ્યા લંડન**

અમેરીકાના પ્રમુખ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમવાર ઈંગ્લેન્ડની મુલાકાતે પહોંચ્યા છે. તેઓ અહીં ઘણી રાજદ્વારી ચર્ચાઓમાં ભાગ લેશે.

**યોગેન્દ્ર યાદવના સમર્થનમાં મમતા બેનર્જી**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સ્વરાજ ઈન્ડિયાના પ્રમુખ યોગેન્દ્ર યાદવની બહેનોની હોસ્પિટલ પર પાડવામાં આવેલા દરોડાઓનો વિરોધ કર્યો છે. મમતા બેનર્જીએ આ મામલે ભાજપ પર સીધો આરોપ લગાવ્યો છે.

**બેંગ્લોરમાં મોટો હવાઈ અકસ્માત ટળ્યો**

બેંગ્લોરના આકાશમાં મંગળવારે ઈન્ડીગોના બે વિમાનોની ટક્કર થતાં રહી ગઈ હતી. આ બંને વિમાનોમાં ૩૩૦ મુસાફરો હતા. આ ઘટનાની તપાસ શરૂ કરાઈ છે.

**'સંજુ' બની ૨૦૧૮ની સૌથી મોટી ફિલ્મ**

રણબીરકપૂર અભિનિત 'સંજૂ' બોક્સ ઓફિસ પર ૨૮૫ કરોડની કમાણી કરી ૨૦૧૮ની સૌથી મોટી ફિલ્મ બની ગઈ છે. કમાણી મામલે 'પદ્માવત' અને 'રેસ-૩'ને તેણે પાછળ છોડી દીધા છે.

## સજાતિય સંબંધના મુદ્દા પર ૧૭મીએ વધુ સુનાવણી

**રાઇટ ટુ ઇન્ટીમેસીને જીવન જીવવાનો અધિકાર જાહેર કરવાનો સમય આવી ગયો છે : પ્રકૃતિ અને વિકૃતિનું સહઅસ્તિત્વ રહેલું છે : કલમ ૩૭૭નો મામલે સુપ્રીમ કોર્ટમાં જોરદાર અને રોચક દલીલબાજી**

નવીદિલ્હી,તા. ૧૨


સજાતિય સંબંધોને અપરાધથી બહાર કરવામાં આવે કે કેમ તેને લઈને આજે પણ સુપ્રીમ કોર્ટમાં જોરદાર અને રોચક દલીલ બાજી થઈ હતી. તેની તરફેણમાં અને વિપક્ષમાં જોરદાર તર્ક આપવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જો બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિની સાથે સંબંધોના મામલાને અપરાધથી હદથી બહાર કરી દેવામાં આવે તો એલજીબીટી સમુદાયના લોકો સાથે સંબંધિત અનેક મુદ્દા ઉપર વધુ ચર્ચા છેડાઈ શકે છે. સાથે સાથે સામાજિક કલંક અને ભેદભાવ પોતે જ ખતમ થઈ જશે. સુપ્રીમ કોર્ટ હવે આ મામલામાં વધુ સુનાવણી ૧૭મી જુલાઈના દિવસે કરશે. સુપ્રીમ કોર્ટમાં પાંચ જજની બંધારણીય બેંચે ટિપ્પણી કરી હતી કે, ભારતીય સમાજમાં વર્ષોથી એલજીબીટી સમુદાયની સામે એક ભેદભાવની સ્થિતિ ઉભી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૭ હેઠળ બે સજાતિય

● અનુસંધાન પાન-૭ પર

# તાજમહેલને કોઈ ખતરો નથી : કેન્દ્રીય મંત્રીની ખાતરી

ન્યુ દિલ્હી,તા.૧૨

તાજમહેલ આસપાસ પ્રદૂષણના મુદ્દે બુધવારે સુપ્રિમ કોર્ટની ફટકારના એક દિવસ બાદ કેન્દ્રીય મંત્રી મહેશ શર્માએ આના પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યુ છે કે હું ભરોસો અપાવુ છુ કે તાજમહેલના ઢાંચાને કોઈ ખતરો નથી અને તેના વાસ્તવિક રંગમાં કોઈ બદલાવ નથી થયો. કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે અમે આ અંગે સુપ્રિમ કોર્ટમાં એક એફિડેવિટ ફાઈલ કરાવીશુ. તેમણે આ વાતો દિલ્હીમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ) ના નવા મુખ્યાલયના ઉદઘાટન કાર્યક્રમ બાદ કહી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ગુરુવારે નવા એએસઆઈ મુખ્યાલયનું ઉદઘાટન કર્યુ. એએસઆઈના નવા મુખ્યાલયના ઉદઘાટન બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ કે



આપણને ભારતના સમૃદ્ધ ઈતિહાસ પર ગર્વ હોવો જોઈએ. અફસોસની વાત છે, દેશ એક એવા વિચારમાં ગૂંચવાઈ ગયો છે જે તેના વારસાની પ્રશંસા નથી કરતો. જ્યાં સુધી આપણે આપણા વારસા પર ગર્વ નહિ અનુભવીએ આપણે તેને સુરક્ષિત નહિ કરી શકીએ. જ્યાં સુધી આપણે તેની પ્રશંસા કરવાની કોશિશ નહિ કરીએ ત્યાં સુધી આપણો વારસો પત્થરના એક ટુકડાની જેમ રહેશે.

## દિલ્હીમાં ગંદગીના ખડકલાના મુદ્દે સુપ્રીમ કોર્ટની લાલઆંખ

**નાયબ રાજ્યપાલની જોરદાર ઝાટકણી**

નવીદિલ્હી, તા. ૧૨

દિલ્હીમાં ગંદગીના ખડકલાને લઈને પ્રભાવી પગલા લેવામાં નિષ્ફળતા બદલ સુપ્રીમ કોર્ટે આજે દિલ્હીના લેફટી ગવર્નર અનિલ બેજલની જોરદાર ઝાટકણી કાઢી હતી. બેજલે સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, સોલીડ વેસ્ટના નિકાલ માટે કઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. કોર્ટે ગાઝીપુર, ઓખલા અને ભીલસવામાં ગંદગીના ઢગના મુદ્દે કહ્યું હતું કે, લેફટી ગવર્નર ઓફિસ સહિત તમામ સંબંધિત ઓથોરિટી દ્વારા યોગ્ય પગલા લેવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
એડવર્ટાઈઝીંગ એજન્સીની ગાંધીનગર ઓફિસ માટે કોરલ ડ્રો તથા ફોટોશોપના જાણકાર – અનુભવી ગ્રાફીક ડિઝાઈનર, વિઝ્યુલાઈઝર અને ડીટીપી ઓપરેટર (ગુજરાતી, અંગ્રેજી ટાઈપીંગ ના જાણકાર).
E-mail : ahdsobhagya@yahoo.com

ગાંધીનગર માટે
LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

મફત રોગનિદાન કેમ્પ
ઓર્થોપેડિક તથા ડેન્ટલને લગતા તમામ રોગો માટે
૧૪ અને ૧૫ જૂલાઈ, શનિવાર, રવિવાર સવારે : ૮ થી રાત્રે ૮
તમામ દર્દીઓ માટે નિદાન — સંપૂર્ણ ફ્રી
હાડકામાં કેલ્શિયમની ઘનતા માપવાનો રીપોર્ટ (BMD) — સંપૂર્ણ ફ્રી
X-ray, બ્લડ રીપોર્ટ, દવાઓ, સારવાર — રાહત દરે
૬ મહિના સુધીનું ફોલોઅપ — સંપૂર્ણ ફ્રી
જોઈન્ટ રીપ્લેસમેન્ટ, ચેકા વગરના દૂરબીનથી થતા સાંધાના ઓપરેશન (આર્થોસ્કોપી), ફિઝીયોથેરાપી ડેન્ટલ ઈમ્પ્લાન્ટ, ચોકઠા, બ્રીજ — ખાસ પેકેજમાં
દેવર્ષિ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ
૨૩, સનકોમ્પલેક્ષ, ભુમીપાર્ક સોસાયટીની બાજુમાં, હરીનગર ફાટક પાસે વાવોલ, ગાંધીનગર.
● ફ્રી રજીસ્ટ્રેશન માટે સંપર્ક ●
ડો.અમિતા મોદી 9099952555 | ડો.ભાવિષા 7383005910 | ડો.ભાર્ગવ 7046191134 | ડો.હાર્દિક 9624401999

જોઈએ છે
શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે
(૧) એમ.એસ.સી. કેમેસ્ટ્રી બી.એડ.
(૨) એમ.એ. અંગ્રેજી બી.એડ.
પ્રવાસી શિક્ષકની જગ્યા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચેના સરનામા ઉપર દિન-૪માં લાયકાતના અસલ પ્રમાણપત્રો અને અરજી સાથે રૂબરૂ મળવું.
આચાર્ય
શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ
ઘ-૬ પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર

ભાડે આપવાના છે.
ટેનામેન્ટ — પહેલો માળ, ફેમિલી માટે, સે.૪.
ફ્લેટ — 2/3BHK શ્યામ શુકન, PDPU રોડ, ફેમિલી માટે
ભાડે જોઈએ છે.
બેચલર્સ/ફેમિલી (TCS/Bank)માટે
ફ્લેટ/ટેનામેન્ટ (ગ્રા.ફ્લોર/ફર્સ્ટ ફ્લોર) ૯૦મી - ૩૩૦મી માં સે.૧ થી૮ ગાંધીનગર તથા ન્યુ ગાંધીનગર
THE SPACE 93288 01440, 93287 01440

જોઈએ છે
કોમ્પ્યુટર હાર્ડવેર રીપેરીંગ, લેન નેટવર્કીંગ, કોમ્પ્યુટર સર્વર સ્ટોરેજનું કામ કરનાર અનુભવી વ્યક્તિઓ તથા સીસીટીવી કેમેરા અને વાયરીંગ કામના રસ ધરાવતા અનુભવી વ્યક્તિઓએ નીચે દર્શાવેલ ઈમેલ પર બાયોડેટા મેઈલ કરવો.
aryacommunication111@gmail.com
પગાર : અનુભવને આધારે - ૯૫૦૦ થી ૨૫૦૦૦
આર્ય કોમ્યુનિકેશન
૨૪, શ્રી ઉગતિ કોર્પોરેટ પાર્ક, નેક્સા શો-રૂમ પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯- ૨૩૨૦૩૦૦૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Gallops Autolink
TATA MOTORS
અષાઢી બીજના પર્વ નિમિત્તે
ગાડી બુક કરાવો અને આકર્ષક ઓફરનો લાભ મેળવો



ACE Zip XL ડેકની લંબાઈ 1927 mm (6.3 ft)
ACE MEGA XL ડેકની લંબાઈ 2520 mm (8.2 ft)
ACE XL ડેકની લંબાઈ 2520 mm (8.2 ft)
XL પર્ફોર્મન્સ | XL લૉડ બૉડી | XL નફો | XL પ્રગતિ
*નિયમો અને શરતો લાગુ.*ઓફર ૨૫ જુલાઈ સુધી મર્યાદિત.
નવી XL રેન્જ 15%* વધુ લાંબી લૉડ બૉડી સાથે
ગેલોપ્સ ઓટોલિંક પ્રા. લિ.
સેક્ટર-૨૧, IOC પેટ્રોલ પંપની પાસે, ગાંધીનગર. M : 9425058039, 9687692540
સનાથલ બ્રિજ પાસે, સરખેજ બાવળા રોડ, અમદાવાદ. M : 9265555011 / 9687692540
રેલ્વે ક્રોસીંગ પાસે, નરોડા-ચિલોડા હાઈવે, નરોડા, અમદાવાદ. M : 9265555011 / 9687692540
એપીએમસી માર્કેટ પાસે, બાવળા. M : 9687692548